દેવજી ભાઈ વરચંદ

પ્રમુખ શ્રી કચ્છ જીલ્લા ભાજપ

નમસ્કાર

આપ સાહેબ ને જણાવાનું કે માંડવી શહેર ભાજપ હોદેદારો દ્વારા પોતાની મન માની થી એક હથુ શાસન કરી રહ્યા છે.હાલે સ્થાનિક સ્વરાજ ની ચુંટણી ના ઢોલ વાગી ગયા છે ત્યારે ઉમેદવાર પસંદગી કરવા માટે કોઈ પણ જાત ના વરિષ્ઠ હોદેદારો કે અન્ય કોઈ ની સાથે સંકલન કર્યો નથી. જે પોતાના માણસો ને હેમ ખેમ રીતે ઉમેદવાર જાહેર કરવા માટે રાત દિવસ મહેનત કરે છે.મંડળ ના હોદેદારો ને ક્યાં સમાજ ની કેટલી વસ્તી છે એ પણ ખબર નથી તેમજ કોઈ પણ સીમાંકન સીટ નું શું છે એ ખબર નથી બક્ષીપંચ જાતી માં ક્યાં સમાજ આવે છે એ પણ ખબર નથી . નગર પાલિકા માં વોર્ડ દીઠ ૪ ચાર ઉમેpદવાર છે જેમાં જ્યાં અનામત નથી અને સામાન્ય સીટ છે ત્યાં પણ બક્ષીપંચ જાતી ના ઉમેદવારો ની પસંદગી થાય છે એ કેટલું યોગ્ય છે???? સામાન્ય કેટેગરી ના લોકો ને ક્યારે નગરપાલિકા માં નગર સેવક તરીકે પસંદગી થશે એ મોટો પ્રશ્ન છે આમ પણ હવે એવું લાગી રહ્યું છે કે જુના જનસંઘી ની ભાજપ માં હવે જરૂર નથી લાગતી હવે તાજેતર માં પ્રદેશ ભાજપ ના પ્રમુખ જગદીશ વિશ્વકર્માજી એ નિવેદન આપેલું હતું કે પાર્ટી માટે જેમને ખુરશી અને પાથરના પાથર્યા છે એવા લોકો ને જ ટીકીટ મળશે પરંતુ માંડવી મંડળ માં તો ગુજરાત પ્રદેશ ભાજપ ના પ્રમુખ ની પણ અવગણના થઇ હોય એવું લાગે છે હાલે ની પરિસ્થિતિ ને ધ્યાને લેતા જેમ પુત્ર પ્રેમ માટે મહાભારત થઇ હતી એવી જ રીતે ભાજપ માં ટીકીટ ની વહેચણી માટે પોતાના માનસ પ્રત્યે નું પ્રેમ છલકાઈ આવે છે. હુ ભારતીય જનતા પાર્ટી શહેર મંડળ માં ઘણા સમય થી મંડળ માં સારી જવાબદારી સંભાળું છું હાલ પણ હું સારી જવાબદારી પણ ધરાવું છુ.

પરંતુ ખુબ દુખ સાથે કહેવું પડે છે જ્યાં બક્ષીપંચ સીટ છે ત્યાં આપ એમને ટીકીટ ની ફાળવણી કરો અને જ્યાં સામાન્ય છે ત્યાં સામાન્ય લોકો ને ટીકીટ આપો. હાલે સોશિયલ મીડિયા માં યુગ પોતે લોક સેવાકીય કર્યો કર્યા હોય એવા ઘણા વિડીયો વાયરલ થાય છે પરંતુ આપ નીચે ના લોકો તેમજ સમાજ ના આગેવાનો પૂછો તો ખરા કે એમનુ ચારીત્ર કેવું છે. આવા લોકો સમાજ

અને પક્ષ માટે ફાયદાકારક છે ??? ટીકીટ આપવા થી પાર્ટી ને ફાયદો થાય છે કે મંડળ ના હોદેદારો ને પોતાના અંગત ફાયદો થાય છે તે વિચારવું

ચુંટણી ની ટીકીટ માં વહેચણી માટે સામાજિક અગ્રણી અને દરેક સમાજ ના લોકો ને સાથે રહીને આપવા માટે વિચારવું તેમજ કોઈ પણ કહે અમારો સમાજ મોટો છે અને અમારા સમાજ માંથી અમારા સમાજ માંથી વધુ માં વધુ ઉમેદવારો જોઈએ ?? આવા સમીકરણ ઉભા કરી ને પાર્ટી માં સાચા સારા અને નિષ્ઠાવાન કાર્યકર્તા કે જેમને ભોગ પાર્ટી માટે તન મન ધન થી રહેલ છે અને આજે પણ કોઈ પાર્ટી પાસે કઈ પણ અપેક્ષા વગર કામ કરતા રહે છે એવા લોકો ની બાદબાકી થઇ જાય છે અને પોતાના લોકો ને સંચવા માટે આવા લોકો જીલ્લા માંથી આવતા પક્ષ ના પ્રભારી કે અન્ય કોઈ મોટા કદ ના નેતા ને ખુશ કરવા વાળા લોકો ની ટીકીટ વહેચણી માં પ્રથમ પસંદગી થાય છે આ કેટલું વ્યાજબી છે??

ગત ટર્મ માં પણ જેમના પરિવાર નો ઈતિહાસ કોગ્રેશ પાર્ટી સાથે જોડાયેલ હતો તેવા લોકો ભાજપ ના હોદેદારો ના અંગત હોવાથી સીધી ટીકીટ આપી દીધેલ હતી ત્યારબાદ નગરપાલિકા માં હોદેદાર તરીકે પણ જવાબદારી મળી હતી તો હવે ભાજપ પાર્ટી ને બારાતુ ઉમેદવાર જ પસંદ છે??પાર્ટી ના જુના લોકો નું શું??? જે લોકો ને ટીકીટ ની વહેચણી થયા બાદ ચૂંટાઈ ગયા પછી પણ કોંગ્રેસ પક્ષ ની વિચારધારા ને યાદ રાખી ને નગરપાલિકા તેમજ ગુજરાત સરકાર વિરુદ્ધ કાગળિયાં લખ્યા હતા આવા લોકો માટે અમને મહેનત કરવાની ???

જો પક્ષ દ્વારા આવા લોકો ને ટીકીટ ની વહેચણી થશે તો આજે વર્તમાન માં જે પરીસ્થિતિ છે એના થી વધુ ખરાબ થઇ શકે છે માટે મારા સાથે અન્ય પણ બીજા હોદેદારો ના પણ પક્ષ ના હોદા પર થી રાજીનામાં આવી શકે છે અને પાર્ટી કામ થી અડગા રહેશું

આપ સાહેબ ને વિચારવું જેવું કે ક્યાં સમાજ ને કેટલી ટીકીટ ની વહેચણી કરવી અને કેવા લોકો ને કરવી ???????

# પ્રચાર દરમિયાન સામે આવતા પ્રશ્નો

હાલે ચૂંટણી ના શ્રી ગણેશ થઇ ગયા છે ત્યારે જયારે પાર્ટી ની સુચના થી ઘરે ઘરે પ્રચાર માટે જઈએ છીએ ખુબ જ દુખદ ઘટના સામે આવે છે લોકોનું એકજ પ્રશ્ન છે માંડવી મંડળ ના પ્રમુખ ના કથિત વિડીયો તેમજ ફોટા વાયરલ થયા હતા જે અંગે નું યાદ કરાવે છે તેમજ મહાભારત નું ઉદાહરણપૂરું પાડતા કહે છે જેમ પુત્ર પ્રેમ માં આંધળા હતા તેમ પોતાના માણસ માટે જે આંધળા થયા છે અને પાર્ટી એવા ને ટીકીટ આપે છે એવું પ્રચાર કરી રહ્યા છે એવા માણસો ના કથિત વિડીયો તેમજ ફોટા બતાવે છે કે હવે આમને મત આપવાના છે?????

તાજેતર માં એક પેપર માં પ્રસિદ્ધ થયું હતું કે માંડવી શહેર ભાજપ ના પ્રમુખ તેમજ મહામંત્રી નું નગર પાલિકા નું દેવું બાકી છે જે લાખો નું છે પરંતુ ચુંટણી આવતા જયારે પ્રચાર દરમિયાન ઘરે ઘરે જવાનું થયું ત્યારે નાના વર્ગ ના લોકો કહે છે કે અમારો ૧૦૦૦ કે ૨૦૦૦ જેવું નજીવી રકમ બાકી હોય છે તો નગર સેવા સદન ના કર્મચારી ઓ એમના પાણી ના કનેક્શન કાપી નાખે છે અને તમારા પક્ષ ના હોદેદારો ના અધધ રકમ બાકી છે એનું શું???

હવે લોકો એમ પૂછતા થઇ ગયા છે કે નરેન્દ્ર મોદી કહે છે કે રાજકારણ માં વધુ માં વધુ યુવા રાજનેતા જોડાય પરંતુ મંડળ ના હોદેદારો એમને સ્વીકારતા પણ નથી માટે  મંડળ માં યુવા કોઈ આવવા તૈયાર નથી થતા જયારે કોઈને પણ પૂછી એ કે ભાજપ માં જોડાઓ તો એ નાં પડે છે કે આવા લોકો સાથે અમારે નથી જોડાવું

આપ સાહેબ ને નમ્ર વિનતી કે પાર્ટી ના અન્ય હોદેદારો ના કથિત વિડીયો અને ફોટા વાયરલ તહાય એના પહેલા કઈ વિચારવું અન્યથા આવનાર દિવસો માં ભારતીય જનતા પાર્ટી ને ઘણું નુકશાન થઇ શકે છે જેમાં ડેમેજ કંટ્રોલ ટીમ સામેં પણ મોટું પડકાર થઇ શકે

આ એક ભારતીય જનતા પાર્ટી ના એક પાયા ના કાર્યકર્તા અને મંડળ ના હોદેદાર ની પક્ષ પ્રત્યે પીડા છે જે પરીસ્થિતિ ભૂતકાળ માં હતી એ વી પરીસ્થિતિ વતર્માન અને ભવિષ્યમાં પણ ન થાય એના માટે આ કાગળ લખી અને આપને ધ્યાને મુકું છુ

ભારતીય જનતા ના પાર્ટી નો એક કાર્યકર